વાંસદાની પોસ્ટઓફિસ પ્રજાના અગત્યના દસ્તાવેજોને કચરો સમજે છે

વાંસદામાં આધારકાર્ડ નિરાધાર હાલતમાં

ચઢાવ પાસે નદી કિનારે પોસ્ટની બિન વહેંચાયેલી ટપાલો અને દસ્તાવેજો વેરવિખેર મળી આવ્યા

મહત્વના દસ્તાવેજો કબજે લઇ ઉનાઈ પોલીસે કબજે લઈ તપાસ હાથ ધરી


નિલેશ કાપડિયા



વાંસદાઃ વાંસદાના ચઢાવ ગામે ઉનાઈ-વાંસદા હાઈવે નં. 56 નજીક કોષ ખાડી નદીના કિનારે પોસ્ટ વિભાગ દ્વારા નાગરિકોને વહેંચણી કરવામાં ન આવેલી મહત્વની ટપાલો અને દસ્તાવેજો વેરવિખેર હાલતમાં મળી આવતા ચકચાર મચી હતી.

વાંસદા તાલુકાના ચઢાવ ગામે નદી કિનારેથી મળી આવેલા દસ્તાવેજોમાં સહિતના નાગરિકોના મહત્વના દસ્તાવેજોનો સમાવેશ થાય છે. પ્રાથમિક માહિતી મુજબ આ દસ્તાવેજો ચઢાવ, ચરવી, ઉનાઈ અને બારતાડ એમ ચાર ગામના હોવાનું જાણવા મળ્યું છે. ઘટનાની જાણ સ્થાનિક પોસ્ટ ઓફિસના કર્મચારીઓને કરવામાં આવી હતી. જોકે, ઘટનાસ્થળે પોસ્ટ ઓફિસનો કોઈ કર્મચારી પહોંચ્યો ન હતો. જેથી સ્થાનિકોએ સમગ્ર મામલાની જાણ ઉનાઈ પોલીસને કરી હતી. જાણ થતાં ઉનાઈ પોલીસ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી અને નદી કિનારેથી મળી આવેલા તમામ દસ્તાવેજો પોતાના કબજામાં લઈ ઉનાઈ પોલીસ મથકે લઈ ગઈ હતી. નાગરિકો માટે બેંકિંગ અને ઓળખ સંબંધિત આ દસ્તાવેજો અત્યંત મહત્વના હોય છે, પોસ્ટ દ્વારા આવતી જરૂરી ટપાલોની લોકો લાંબા સમયથી રાહ જોતા હોય છે, જ્યારે આ જરૂરી ડોક્યુમેન્ટ નદી કિનારે વેરવિખેર હાલતમાં મળી આવતાં પોસ્ટ વિભાગની કામગીરી સામે ગંભીર સવાલો ઊભા થયા છે. આ દસ્તાવેજો નદી કિનારે કોણે અને કયા સંજોગોમાં ફેંક્યા તે અંગે હાલ કોઈ સ્પષ્ટ પુરાવા સામે આવ્યા નથી. સમગ્ર મામલે તપાસ બાદ જ હકીકત બહાર આવી શકે તેમ છે. આ ઘટનાની ગંભીરતાને ધ્યાનમાં લઈ જવાબદાર વ્યક્તિઓ સામે યોગ્ય તપાસ કરી જરૂરી કાર્યવાહી કરવામાં આવે તેવી સ્થાનિકોમાં માંગ ઉઠી

પોલીસ-RTOની સંયુક્ત તપાસથી સ્કૂલ ટ્રાન્સપોર્ટમાં ખળભળાટ

નવસારીમાં સ્કૂલ વાહનો પર તંત્રનું 'સેફ્ટી ચેક'

8 વાહનો નિયમભંગમાં ઝડપાયા, રૂ. 83 હજારનો દંડ



નવસારી : શાળાએ જતા બાળકોની સલામતી સાથે કોઈ બાંધછોડ ન થાય તે માટે નવસારી જિલ્લામાં સ્કૂલ વાહનો અને બસો સામે તંત્રએ ચેકિંગનો દોર શરૂ કર્યો છે. જિલ્લા માર્ગ સલામતી સમિતિની સપ્ટેમ્બર માસની બેઠકમાં બાળકોની હેરફેર માટે ઉપયોગમાં લેવાતા વાહનોની તપાસ કરવા સૂચના અપાયા બાદ જિલ્લા કલેક્ટર મનીષ ગુરવાનીના માર્ગદર્શન હેઠળ પોલીસ અને RTO વિભાગે કાર્યવાહી હાથ ધરી હતી. શાળાઓ નજીક તેમજ બાળકોની અવરજવર માટે ઉપયોગમાં લેવાતા વાહનોની તપાસ દરમિયાન નિયમોમાં ખામી જણાઈ આવેલા 8 વાહનો સામે ચલણ કાર્યવાહી કરવામાં આવી હતી. આ કાર્યવાહીમાં કુલ રૂ. 83 હજારનો દંડ વસૂલવા માટેની કાર્યવાહી હાથ ધરાઈ હતી, જ્યારે વધુ એક વાહન ડિટેઇન કરવામાં આવ્યું હતું. ચેકિંગ દરમિયાન વાહનોમાં બાળકોની સુરક્ષા સાથે જોડાયેલા નિયમોનું પાલન થાય છે કે નહીં સહિતની બાબતોની તપાસ કરવામાં આવી હતી. બાળકોને રોજ શાળાએ લઈ જતાં વાહનોની જવાબદારી વધુ સંવેદનશીલ હોવાથી નિયમોનું ઉલ્લંઘન કરનાર સામે હવે તંત્ર દ્વારા કડક વલણ અપનાવવામાં આવી રહ્યું છે. RTO વિભાગે સ્પષ્ટ કર્યું છે કે આ એક દિવસ પૂરતી કાર્યવાહી નહીં રહે અને આગામી દિવસોમાં પણ જિલ્લામાં વિવિધ શાળાઓના સ્કૂલ વાહનો તથા બસોનું ચેકિંગ ચાલુ રાખવામાં આવશે.

નવસારીમાં શ્વાનની હત્યા કરી કોથળામાં ભરીને ફેંકી દીધો



ઇટાળવા રોડ પર શ્વાનના મોતનો મામલો સોશિયલ મીડિયા પર ચગ્યો

ગંભીર આક્ષેપો વચ્ચે પોલીસની નજર હવે CCTV પર

નવસારીઃ નવસારીના ઇટાળવા રોડ પર ઓપેરા હાઇટ્સ નજીક શ્વાનના મોતને લઈને સોશિયલ મીડિયા પર થયેલી રજૂઆતથી સમગ્ર મામલો ચર્ચાના કેન્દ્રમાં આવ્યો છે. X પ્લેટફોર્મ પર કરવામાં આવેલી પોસ્ટમાં આક્ષેપ કરવામાં આવ્યો છે કે કાફે સાથે સંકળાયેલા કેટલાક લોકો તથા સુરક્ષાકર્મીઓ દ્વારા શ્વાનને માર મારવામાં આવ્યો હતો અને બાદમાં તેના મૃતદેહને કોથળામાં ભરીને ફેંકી દેવામાં આવ્યો હતો. ઘટનાને લગતા CCTV ફૂટેજ હોવાનો દાવો કરતી વિગતો પણ સોશિયલ મીડિયા પર પ્રસરી છે. આ આક્ષેપોની સત્તાવાર પુષ્ટિ હજુ થઈ નથી, જેના કારણે ઘટનાની હકીકત જાણવા પોલીસ તપાસ મહત્વની બની છે. પોસ્ટ વાયરલ થતાં પશુપ્રેમીઓએ નારાજગી વ્યક્ત કરી હતી અને સમગ્ર પ્રકરણમાં નિષ્પક્ષ તપાસ તથા જવાબદાર વ્યક્તિઓ સામે કાર્યવાહી કરવાની માંગ ઉઠી હતી. સોશિયલ મીડિયા પર રાજ્યના પોલીસ મહાનિર્દેશક અને નવસારી જિલ્લા પોલીસ અધિક્ષકને ટેગ કરીને રજૂઆત કરવામાં આવતા પોલીસ અધિકારીઓના ધ્યાન પર પણ મામલો આવ્યો હતો.

વાયરલ દાવાની હકીકત શોધવા પુરાવા એકત્ર કરાશે

સોશિયલ મીડિયા પર કરવામાં આવેલી રજૂઆતના પગલે પોલીસ દ્વારા અરજદાર તથા ઘટનાની જાણકારી ધરાવતા નાગરિકોને ઉપલબ્ધ CCTV ફૂટેજ, વીડિયો અને અન્ય સંબંધિત પુરાવા પોલીસને આપવા જણાવાયું છે. પુરાવાઓની ચકાસણી બાદ ઘટનાની વાસ્તવિક પરિસ્થિતિ અંગે જરૂરી તપાસ હાથ ધરવામાં આવશે. આમ, હાલમાં સોશિયલ મીડિયા પર થયેલા આક્ષેપો સામે આવ્યા છે, જ્યારે ઘટનાની ચોક્કસ હકીકત પોલીસ તપાસ અને ઉપલબ્ધ પુરાવાઓની ચકાસણી બાદ જ સ્પષ્ટ થશે.

સિસોદ્રા પારડીની ગ્રામસભામાં બોલાચાલી બાદ મારવાની ધમકી

ચૂંટણીમાં પરાજિત ઉમેદવારે સરપંચ, તેમના પતિ અને સાસુ સામે પોલીસમાં લેખિત અરજી આપી



નવસારીઃ સિસોદ્રા પારડી ગ્રામ પંચાયતની ગ્રામસભામાં દુકાન અને પશુવાડાની નોટિસનો મુદ્દો ઉઠાવ્યા બાદ કથિત રીતે થયેલી બોલાચાલી હવે પોલીસ સુધી પહોંચી છે. ગ્રામ પંચાયતની સરપંચપદની ચૂંટણીમાં ઉમેદવાર રહી ચૂકેલા મીનાક્ષીબેન રશ્મિકાંતભાઈ રાઠોડે ગ્રામસભા દરમિયાન અપશબ્દો બોલવામાં આવ્યા હોવા ઉપરાંત જાનથી મારી નાખવાની ધમકી આપવામાં આવી હોવાનો ગંભીર આક્ષેપ કર્યો છે. આ અંગે તેમણે નવસારી જિલ્લા પોલીસ અધિક્ષક તથા નવસારી રૂરલ પોલીસ મથકના પોલીસ ઇન્સ્પેક્ટરને લેખિત અરજી આપી તપાસની માંગ કરી છે.

મીનાક્ષીબેનની અરજી મુજબ 2 ઓક્ટોબરે યોજાયેલી ગ્રામસભામાં તેમણે પોતાની દુકાન અને પશુવાડા અંગે અગાઉ આપવામાં આવેલી 5થી 6 નોટિસ તથા અગાઉના ઠરાવ અંગે સ્પષ્ટતા માગી હતી. આ મુદ્દે ચર્ચા ઉગ્ર બનતાં સરપંચ અને તેમની સાસુ દ્વારા તેમની સાથે અપશબ્દો અને અયોગ્ય ભાષાનો ઉપયોગ કરવામાં આવ્યો હોવાનો આક્ષેપ અરજીમાં કરાયો છે. વધુમાં, દુકાન તોડી પાડવાની વાત કરવામાં આવી હોવાનો તેમજ સરપંચના પતિ દ્વારા જાનથી મારી નાખવાની ધમકી અપાઈ હોવાનો પણ આક્ષેપ કરવામાં આવ્યો છે. ઘટનાસમયે તાલુકા પંચાયતના પ્રમુખ કેયુરભાઈ પટેલ, ઉપસરપંચ મયુરભાઈ પટેલ, તલાટી-કમ-મંત્રી આકાશભાઈ ચૌધરી સહિત અન્ય લોકો હાજર હોવાનું જણાવી તેમને સાક્ષી તરીકે દર્શાવવામાં આવ્યા છે. મીનાક્ષીબેને ઘટનાના મોબાઇલ વીડિયો/રેકોર્ડિંગ તેમજ અગાઉની નોટિસો પોલીસ સમક્ષ રજૂ કરી તેની તપાસ કરવાની માંગ કરી છે. ચૂંટણી બાદથી પોતાને માનસિક રીતે હેરાન કરવામાં આવતી હોવાનો પણ તેમણે અરજીમાં આક્ષેપ કર્યો છે.

નવસારીમાં ઓક્ટોબરનો 'ઓવરહીટ' મૂડ! પારો 36એ

મંદ પવન વચ્ચે ગરમી-ભેજના ડબલ એટેકથી બફારાએ પરસેવો કાઢ્યો

નવસારી : ઓક્ટોબર શરૂ થતાં જ નવસારીમાં જાણે ઉનાળાએ ફરી એન્ટ્રી મારી હોય તેવી સ્થિતિ સર્જાઈ છે. નવસારી કૃષિ યુનિવર્સિટી (NAU) ના હવામાન વિભાગના 3 ઓક્ટોબર, 2026ના આંકડા મુજબ જિલ્લામાં મહત્તમ તાપમાન 36.0 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. બપોરે સૂર્યના આકરા તાપ સાથે વાતાવરણમાં ઉકળાટ વધતાં લોકોને ગરમીનો ભારે અહેસાસ થયો હતો. લઘુત્તમ તાપમાન પણ 27.3 ડિગ્રી રહેતાં રાત્રિ દરમિયાન પણ ખાસ ઠંડક અનુભવાઈ નહોતી.

નવસારીના હવામાનમાં સૌથી વધુ 'તડકો' ભેજે માર્યો હતો. સવારે ભેજનું પ્રમાણ 95 ટકા સુધી પહોંચી ગયું હતું. સાંજે ભેજ ઘટીને 65 ટકા થયું હોવા છતાં ગરમીની અસર યથાવત રહી હતી. પવનની ગતિ માત્ર 2.8 કિમી પ્રતિ કલાક રહેતાં વાતાવરણમાં કુદરતી ઠંડક પહોંચાડે તેવી હવાની અવરજવર પણ ઓછી રહી હતી. પરિણામે ગરમી અને ભેજના સંયોજનથી દિવસ દરમિયાન 'ગરમી કરતાં બફારો વધારે' અનુભવાયો હતો.

સામાન્ય રીતે ઓક્ટોબરની શરૂઆતમાં ચોમાસા બાદ હવામાનમાં રાહતની અપેક્ષા રહેતી હોય છે, પરંતુ નવસારીમાં હાલના આંકડા અલગ જ કહાની કહી રહ્યા છે. સવારે ઊંચી ભેજ અને બપોરે 36 ડિગ્રી તાપમાનના કારણે નગરજનો પરસેવાથી રેબઝેબ બન્યા હતા. બદલાતા હવામાન વચ્ચે ખાસ કરીને ખેડૂતો માટે પાકની સ્થિતિ પર નજર રાખવી અને નાગરિકો માટે બપોરના સમયે ગરમીથી બચવા જરૂરી સાવચેતી રાખવી મહત્વપૂર્ણ બની છે.


ધર્મેશ પટેલ

ચીખલી-ખેરગામ-ધરમપુર માર્ગના ફોરલેન કામગીરીનો વિરોધ

કોમર્શિયલ બાંધકામ અને દબાણો મુદ્દે સોલધરાની ગ્રામસભામાં હોબાળો

ધેજ : ચીખલી તાલુકાના સોલધરા ગામે ચીખલી-ખેરગામ-ધરમપુર માર્ગના વિસ્તૃતિકરણ અને તેને ફોરલેન બનાવવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવતા લોકોમાં અસંતોષ જોવા મળી રહ્યો છે. આ માર્ગના વિસ્તૃતિકરણ માટે જમીન સંપાદન અંગે યોજાયેલી ગ્રામસભામાં માર્ગ અને મકાન વિભાગના અધિકારીઓની ઉપસ્થિતિ વચ્ચે ઉગ્ર રજૂઆતો કરી હતી.

માર્ગ અને મકાન વિભાગના અધિકારીઓએ માહિતી આપી હતી કે હાલનો હયાત માર્ગ ૧૦ મીટરનો છે. આ રસ્તાને ચાર માર્ગીય બનાવવા માટે બંને તરફ ૧૫-૧૫ મીટર જગ્યાની જરૂરિયાત છે. આ માટે જમીન સંપાદનની કામગીરી હાથ ધરવામાં આવી રહી છે.

આ ઉપરાંત ખેડૂતોએ ભૂતકાળનો અનુભવ વાગોળતા આક્રોશ વ્યક્ત કર્યો હતો કે ખરેરા નદીના નવા બ્રિજના નિર્માણ સમયે પણ ખેડૂતોની જમીન સંપાદિત કરવામાં આવી હતી, પરંતુ તે સમયનું વળતર હજુ સુધી ખેડૂતોને ચૂકવવામાં આવ્યું નથી. એટલું જ નહીં, તે સમયથી જમીનના ૭/૧૨ના ઉતારામાં પણ જરૂરી દુરસ્તી કરવામાં આવી નથી.

ખેડૂતોએ માગ કરી હતી કે નવી સંપાદનની પ્રક્રિયા હાથ ધરતાં પહેલાં આ જૂની તમામ દુરસ્તી પૂર્ણ કરવામાં આવે.

કોમર્શિયલ બાંધકામો અંગે ગ્રામજનોએ સવાલો ઉઠાવ્યા

સોલધરા ગામમાંથી પસાર થતા ચીખલી ખેરગામ માર્ગની નજીક આવેલા સોમનાથ રેસિડેન્સી, પેટ્રોલ પંપ તથા અન્ય કોમર્શિયલ બાંધકામો અંગે પણ ગ્રામજનોએ સવાલો ઉઠાવ્યા હતા. ગ્રામજનોના જણાવ્યા અનુસાર રોડ માર્જિનના નિયમો મુજબ માર્ગના મધ્યબિંદુથી નિયત માર્જીન છોડવામાં આવેલનું જણાતું નથી અને આ તમામ બાંધકામો માત્ર ૨૦ થી ૨૨ મીટરના માર્જિનથી કરી દેવામાં આવ્યા છે ત્યારે અગાઉ સંપાદિત જમીનમાં અને રોડ માર્જિનમાં દબાણની ચોક્કસ માપણી કરી, ગેરકાયદે બાંધકામ કરનારાઓને તાત્કાલિક નોટિસ આપીને રોડ પરના તમામ દબાણો દૂર કરવામાં આવે તેવી ભારપૂર્વક માગ કરવામાં આવી હતી.

વસુધારા ડેરીની ૫૪મી વાર્ષિક સાધારણ સભા યોજાઈ

વલસાડ જિલ્લામાં નવા દૂધ સંઘની રચના બાબતે ચર્ચા કર્યા બાદ NOC ન આપવા ઠરાવ


ધર્મેશ પટેલ

ધેજ : વસુધારા ડેરીની ૫૪મી વાર્ષિક સાધારણ સભાની શરૂઆતમાં સ્વ. નરેન્દ્રભાઈ વશી સહિત દિવંગત સહકારી આગેવાનો, દૂધ ઉત્પાદકો અને કર્મચારીઓને બે મિનિટનું મૌન પાળીને શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવી હતી.

વસુધારા ડેરીના કાર્યવિસ્તાર અંતર્ગત આવતી કુલ ૧,૧૩૩ દૂધ મંડળીઓ મારફતે હિસાબી વર્ષ દરમિયાન કુલ ૩૩.૨૪ કરોડ કિલોગ્રામ દૂધનું સંપાદન કરવામાં આવ્યું છે, જે ગત વર્ષની સરખામણીમાં ૫.૭૬ ટકાનો સારો એવો વધારો દર્શાવે છે. આ ઉપરાંત, દૂધ અને દૂધની વિવિધ બનાવટોનું કુલ વેચાણ ૧૨.૩૪ કરોડ લીટર જેટલું નોંધાયું છે.

ચેરમેન રાજેશ પટેલે જણાવ્યું હતું કે દૂધ ઉત્પાદકોના હિત માટેની યોજનાઓ ચાલુ રાખીને ઓછા ખર્ચે વધુ દૂધ ઉત્પાદન થાય તે માટે સંસ્થા હંમેશાં કટિબદ્ધ રહેશે. ઈન્ચાર્જ મેનેજિંગ ડિરેક્ટર વિજય કાપડિયાએ વ્યાપ દૂધ મંડળીઓ સ્તરે લઈ જઈને ગુણવત્તામાં સુધારો કરવા પર ભાર મૂક્યો હતો. કાર્યક્રમ દરમિયાન, સ્વ. નરેન્દ્ર વશી સન્માનનિધિ ફંડમાંથી સભાસદો, મંત્રીઓ તથા એ.આઈ. વર્કરોને કુલ ૪.૨૫ લાખ રૂપિયાના રોકડ ઈનામો અપાયા હતા. વલસાડ જિલ્લામાં નવા દૂધ સંઘની રચના અંગે ગહન ચર્ચા કરી એન.ઓ.સી. ન આપવાનો ઠરાવ પસાર કર્યો હતો. અંતમાં સુધાબેન પટેલે સભાનું સમાપન કર્યું હતું.

ફ્લાવર શો પૂરો થયા બાદ 64.77 લાખના વધારાના ખર્ચને મંજૂરી!

રિવાઇઝ ટેન્ડરથી ખર્ચ વધ્યો હોવાના આક્ષેપ વચ્ચે કલેક્ટર સમક્ષ ટેક્નિકલ-નાણાકીય તપાસની માંગ

નવસારીઃ નવસારી મહાનગરપાલિકા દ્વારા યોજાયેલા ફ્લાવર શો-2026ના ખર્ચને લઈને સવાલો ઊભા થયા છે. આનંદ ગાર્ડન નર્સરીને કરવામાં આવેલા વધારાના ચૂકવણાં અને રિવાઇઝ ટેન્ડરની પ્રક્રિયા અંગે જિલ્લા કલેક્ટર સમક્ષ સ્વતંત્ર તપાસની માંગ સાથે લેખિત રજૂઆત કરવામાં આવી છે. રજૂઆત મુજબ ફ્લાવર શોનું મૂળ L1 ટેન્ડર રૂ. 2.14 કરોડનું હતું, જે બાદમાં રિવાઇઝ પ્રક્રિયામાં એજન્સીનું ટેન્ડર રૂ.2.78 કરોડ થયું હતું. આમ મૂળ રકમની સરખામણીએ રૂ.64,77,791નો વધારો થયો હોવાનું જણાવાયું છે. ખાસ કરીને ફ્લાવર શો જાન્યુઆરી-ફેબ્રુઆરી 2026માં પૂર્ણ થયા બાદ વધારાના ખર્ચને 25 જૂન 2026ના રોજ કારોબારી સમિતિની મંજૂરી મળ્યાનો મુદ્દો ઉઠાવવામાં આવ્યો છે. એજન્સીએ 28 ઓગસ્ટ 2026ના રોજ બિલ રજૂ કર્યું હોવાનું પણ રજૂઆતમાં દર્શાવાયું છે. વધુમાં એમ.એસ. સ્ટ્રક્ચર અને મેટલ ફ્રેમ જેવી કેટલીક આઇટમોના ભાવમાં 96થી 123 ટકા સુધીનો વધારો થયાનો દાવો કરવામાં આવ્યો છે. કામ પહેલાં જરૂરી મંજૂરી લેવામાં આવી હતી કે નહીં, વાસ્તવિક કામ અને જથ્થો કેટલો હતો, સાઇટ મેઝરમેન્ટ તથા બિલમાં દર્શાવેલી વિગતોમાં સુસંગતતા છે કે નહીં અને GST-TDSની ગણતરી નિયમસર થઈ છે કે નહીં તેની તપાસ કરવાની માંગ કરાઈ છે. સમગ્ર ટેન્ડર પ્રક્રિયા, ખર્ચ, માપણી અને ચૂકવણીના રેકોર્ડની તપાસ કરી જવાબદારી નક્કી કરવા રજૂઆતમાં માંગ કરવામાં આવી છે.

નવસારીમાં અરજી અને રજૂઆતો છતાં કામગીરી અટકતાં રહીશોમાં ભારે રોષ

PNG લાઈન માટે 10 મહિનાથી રાહ!

'ક્રિષ્ના લક્ઝુરિયા'ના રહીશોની ધીરજ ખૂટતા તંત્રને 15 દિવસનું અલ્ટિમેટમ

એક જ રોડ પર વીજ કંપનીનું કામ પૂર્ણ, છતાં ગેસ લાઇન કેમ નહીં?



નવસારીઃ જમાલપોરના બી.આર. ફાર્મ પાછળ આવેલી 'ક્રિષ્ના લક્ઝુરિયા' સોસાયટીમાં PNG ગેસ કનેક્શનનો પ્રશ્ન લાંબા સમયથી ઉકેલાતો ન હોવાથી રહીશોમાં ભારે નારાજગી ફેલાઈ છે. રહીશોના જણાવ્યા મુજબ ગેસ કનેક્શન મેળવવા માટેની જરૂરી પ્રક્રિયા પૂર્ણ કરી ગુજરાત ગેસ લિમિટેડમાં અરજી કરવામાં આવી હોવા છતાં ડિસેમ્બર 2025થી ગેસ લાઇન નાખવાનું કામ પેન્ડિંગ છે. આશરે દસ મહિના વીતી ગયા છતાં કામગીરી શરૂ ન થતાં હવે રહીશોએ સંબંધિત તંત્રની કામગીરી સામે સવાલો ઉઠાવ્યા છે. રહીશોનો મુખ્ય પ્રશ્ન એ છે કે જો રોડને કારણે ગેસ લાઇન નાખવામાં અડચણ હોય તો એ જ રસ્તા પર DGVCL દ્વારા વીજળીનું કામ કેવી રીતે પૂર્ણ થયું? આ મુદ્દે સ્પષ્ટતા માંગવામાં આવી છે. સોસાયટીના જણાવ્યા મુજબ અનેક પરિવારો PNG કનેક્શન મળવાની અપેક્ષાએ પોતાના નામે નવા LPG સિલિન્ડર પણ લીધા નથી, જેના કારણે હાલ રસોઈની વ્યવસ્થા કરવામાં મુશ્કેલી પડી રહી છે. આ મુદ્દે સોસાયટી દ્વારા ગુજરાત ગેસ ઉપરાંત જિલ્લા કલેક્ટર, મ્યુનિસિપલ કમિશનર અને સ્થાનિક નગરસેવકને લેખિત રજૂઆત કરી તાત્કાલિક ગેસ લાઇન નાખવાની કામગીરી શરૂ કરવાની માંગ કરવામાં આવી છે. લાંબા સમયથી કામગીરી અટકી રહેવાના કારણો જાહેર કરવા અને જવાબદાર વિભાગો વચ્ચે સંકલન કરી સમસ્યાનો નિકાલ લાવવા પણ માંગ ઉઠી છે. રહીશોએ હવે સ્પષ્ટ ચીમકી આપી છે કે આગામી 15 દિવસમાં PNG લાઇન નાખવાની કામગીરી શરૂ નહીં થાય તો સોસાયટીના રહીશો દ્વારા ઉગ્ર આંદોલન તેમજ આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

શું તમે આંતલિયાના નવા શોરૂમમાં પધાર્યા નથી ?
બીલીમોરા સ્ટેશનથી ફક્ત 5-7 મિનિટ | ચીખલી ચોકડીથી ફક્ત 8-10 મિનિટ મજુરી
નવસારીથી - વલસાડથી - વાંસદાથી ફક્ત 30 મિનિટ
R.A. Parikh 5.9%*
નવસારી કે સુરતમાં અમારી કોઈ બ્રાંચ નથી.
આજે રવિવારે શોરૂમ ચાલુ રહેશે.
Jewellers NX ચીખલી - બીલીમોરા રોડ, આંતલીયા, બીલીમોરા. (પૂર્વ) Mo. 98255 58181

જાહેર ચેતવણી



અમો નીચે સહી કરનાર શૈલેષભાઈ નગીનભાઈ પટેલ, રહે.:- ૧૪, નવદુર્ગા સોસાયટી, બારડોલી, જી. સુરતના આથી જાહેર ચેતવણી આપી જણાવીએ છીએ કે આ સાથે ફોટામાં જણાવેલ વ્યક્તિ **રાજ શૈલેષ પટેલ** હમારો પુત્ર થાય છે. જે છેલ્લા ઘણાં સમયથી હમારા કહ્યામાં નથી અને તેમની મરજી મુજબની જીંદગી જીવે છે. જેથી હમોએ તેઓની સાથેના પુત્ર તરીકેના તમામ પ્રકારના સંબંધો તોડી નાંખ્યા છે. અને **હમોએ હમારી સ્થાવર તેમજ જંગમ મિલકતો માંથી પુત્ર રાજને હક્ક, હિસ્સા માંથી બેદખલ કરેલ છે.** જેથી તેની સાથે કોઈપણ વ્યક્તિ, સંસ્થાએ પૈસાની લેતી દેતી કરવી નહીં એકંદરે હમારા રાજ પટેલ સાથે કોઈ સામાજીક સંબંધો રહ્યા નથી કે રાખ્યા નથી. જેથી હવે પછી તેની સાથે કોઈપણ ઈસમ દ્વારા કરવામાં આવનાર આર્થિક, સામાજીક વ્યવહારો બાબતે હમારી કોઈ જવાબદારી રહેશે નહીં, તેમજ તમામ સ્થાવર તથા જંગમ મિલકતો માંથી રાજ પટેલને બેદખલ કરેલ છે. જેની જાહેર જનતાએ નોંધ લેવી.

તા. ૦૨-૧૦-૨૦૨૬ — લિ. શૈલેષભાઈ નગીનભાઈ પટેલ